# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૫૮ • તા.૧૯ જૂન થી ૨૫ જૂન ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શરીરથી દિવ્યાંગ પણ મનથી સુવાંગ

# તનુલ હિરાચંદ વિકમશી


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવનમાં અવનવા રંગો ભરતા અનેકવિધ તહેવારો

ભારત દેશ વિવિધ ઉત્સવ તહેવારોનો ગુચ્છો છે. જેમાં દરેક ધર્મ, સંપ્રદાય વિવિધ દેવ-દેવીઓ, એટલું જ નહીં સૂર્ય, ચંદ્ર, ગાય, સર્પને લગતા તહેવારો ઉજવાતા રહે છે. વિદેશમાં નાતાલ, ન્યૂ યર જેવા ઈન મીન સાડે તીન તહેવારો ગણીને છે. તો માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર વિગેરે માટે મુકરર દિવસ હોય જે દિવસે જે તે સંબંધોની યાદ કરી તેમની ગુણ ગાથા ગાઈ લીધી કે ઉજવણી પૂરી થઈ.

આની સરખામણીમાં આપણો દેશ વિવિધ તહેવારો, ઉત્સવોની ઉજવણીમાં મગ્ન રહેતો દેશ છે. વિવિધ ધર્મના ઉત્સવો ક્રમશ ઉજવવાને લીધે નાના, મોટા વેપારીઓને પણ તેમના જોગનો ધંધો મળી રહે છે. એક ધારા ચાલતા જીવનમાં નવીન થાય, હર કોઈ દિવસ અલગ રીતે ઉજવાય તો એક નવો માહોલ મળે, એક ઉત્સાહવર્ધક વાતાવરણ સર્જાય છે. જે પછી ના અનેક દિવસો આનંદ ઉમંગ ભર્યા રહેતા હોય છે. રોજ રોજ ખારું, ખાટું, કડવું ભોજન પછી મીઠો મધૂર આહાર માણવાની મજા અલગ હોય છે. દુ:ખ દર્દ, શોકની લાગણીઓ વચ્ચે સુખનો માહોલ જીવનમાં મેઘધનુષ જેવા રંગો સર્જે છે. જે અદમ્ય ઉત્સાહની લહેર સર્જે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના વરસ દરમ્યાન આવતા તહેવારો આપણા જીવનમાં નવીન ઉત્સાહ આનંદ અને ખુશાલીના ફૂલ ગુચ્છા છે. જે આપણા પરિવારો મિત્રો આપણા સહ કર્મચારીઓ, આપણા પોતાના વ્યાપાર ધંધાના સહયોગી સાથેનો નાતો વધુ મજબૂત બનાવે છે. જેમ દર સપ્તાહના સોમથી શનિ સુધીના રૂટિન પછી રવિવારની રજા આવનાર બીજા સપ્તાહ માટેનો ઉત્સાહ સાથે શક્તિ માટે બૂસ્ટરનું કામ કરે છે. વરસની ત્રણ મોસમ ઠંડી, ગરમી અને વર્ષા. તેની છ ઋતુ શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા. એ બધાને સાંકળતા અલગ અલગ જાતભાતના ઉત્સવો આ ઋતુમાં પાકતા ધાન્ય, ફળ, ફૂલોને લીધે એક નવો માહોલ આપણને આપે છે. ક્ષુલ્લક કારણો સાથે તહેવારો જોડવામાં આવે તો લોકો એનો અમલ ન પણ કરે, પણ કોઈ ધાર્મિક માન્યતા, કે દેવ દેવી સંસ્કૃતિને જોડીને તહેવારો ઉજવાયતો પરિવારના નાનાથી મોટા એમાં ઉત્સાહ આનંદ અને ઉમંગથી રૂઢિગત માન્યતાઓને આદર આપીને સંકળાય છે. ભારતીય સંસ્કૃતિની મોટી ઉપલબ્ધિ તેના ઉજવાતા વિવિધ તહેવારો છે. ગમીગીની ઉત્સાહ, સવાર સાંજ, દિવસ રાત, તડકો છાંયડો, આ બધાનું મિશ્રણ જીવનમાં નવા રંગો નવો માહોલ સર્જે છે. નાના મોટા, બાળકો વડીલો, દરેક વયના માટે ઉત્સવ ઉજવણી માટે અલગ અલગ કારણો હોય છે. નાના બાળકો કલાસનું હોમવર્ક ભૂલી ધીંગા મસ્તીથી ઘરને, શેરીને, સોસાયટીને તોફાન કોલાહલથી ભરે છે તો વડીલો સ્નેહી સ્વજનોને તહેવારોની વિવિધ પ્રકારે શુભેચ્છા-લાગણી સાથે પોતાની શુભેચ્છા અર્પે છે. તો મધ્યમવયના માતા-પિતા પોતાના સમોવડીયાઓની સાથે ઉત્સવના અવનવા રંગોથી ઉજવી દિવસ યાદગાર બનાવે છે. આમ સમગ્રરીતે જીવનમાં આવતા અવનવા તહેવારો, અઢળક ઉત્સવો નાના મોટા સૌના હૃદય ઉત્સાહ, ઉમંગના રંગોથી મેઘધનુષ માહોલ સર્જે છે. જિંદગી રંગીન છે તો જ જિંદગી સંગીન છે.

– જય જ્ઞાતિમૈયા

# પરિવારમાં સંપ અને સ્નેહની મહતા

દરેક સંબંધમાં પ્રેમ, લાગણી, હૂંફ અને વાત્સલ્યની જરૂર હોય છે. નાના પ્રયાસો થકી સમય જતાં સંબંધને મજબૂત બનાવી શકાય છે. માનવ એક સામાજિક પ્રાણી છે. તે ઘણી વાર એકલો રહેવા ઈચ્છતો હોવા છતાં સમાજને અને પરિવારને ઝંખે છે. મિત્રતા અને સંબંધનો તાર જોડવા એ સદાય તત્પર રહેતો હોય છે. અતલ અને પ્રગાઢ સંબંધો બાંધવા જતાં ક્યારેક લીમડાના કડવા પાંદડા જેવા ઘૂંટડા પીવા પડે છે. આ કડવાટનો સ્વાદ પીતાં પીતાં ક્યારે મીઠાશને મધુરપ પ્રાપ્ત થાય છે. એની ગતા રહેતી નથી એ સહેજે જડી જાય છે. પછી આ સંબંધ જાળવવાનું જહેમત ભર્યું કામ કે સેતુ અખંડ રહે, રહેવા પામે એ જવાબદારી આપણી હોય છે.

પરિવાર એટલે આપણા સહિત અન્ય જણાનો સમૂહ. કુટુંબમાં નાના, મોટા, ભિન્ન ભિન્ન વિચાર, પ્રકૃતિ, સ્વભાવના દરેક અલગ અલગ જણ હોય છે. દરેકના મનની લાગણી વિચાર ભિન્ન હોય છે. પણ પરિવારના મુખ્ય વડીલનું કામ સારથી જેવું જહેમત ભર્યું હોય છે. જેને અશ્વનો અને રથ પર અસવાર રહેલાનું પણ ધ્યાન, માન અને કાળજી ધ્યાનમાં લેવી પડે છે. પરિવારનો મોભી વ્યક્તિ નાનું બાળક હોય કે જીવન સાથી પત્ની કે વડીલ માતા પિતા દરેકના મન જાણીને તેઓ ખુશહાલ રહે એવા પ્રયત્નો કરવા પડે છે. આ જ કસોટી ભર્યું છે.

સંબંધોના તાણાવાળા વણવા, ટકાવી રાખવા અને તેને જીવનના અંત સમય પર્યંત જાળવવાનું કામ કઠીન છે તે છતાં દીર્ઘદ્રષ્ટિ, સંબંધ જાળવવાની કાબેલિયત અને સૌનો માન, આદર જળવાઈ રહે એની ખેવના સતત હોય તો એ કાયમી ટકાઉ બને છે. સંબંધ જાળવણીમાં સકાત્મકતા હશો તો નાના નાના પ્રયાસો છતાં વિશાળ અને અફાટ કાયમી ભાવ વળતરમાં મળશે. એટલે પરિવારને ટકાવી રાખવા, એનું બંધારણ, ઘડતર અતૂટ, અખંડ રાખવા સંપની કાળજી રાખવી અને સ્નેહની માવજત અતિ જરૂરી હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શરીરથી દિવ્યાંગ પણ મનથી સુવાંગ






અણધાર્યો આઘાત પહોંચે તો જીવન હચમચી ઊઠે છે. જિંદગીને નિરાશા ઘેરી લે છે જે છેવટે હતાશામાં પરિણમે છે. આ પ્રકૃતિ સામાન્ય માનવીની છે. પણ અખૂટ શક્તિ જેનામાં ભરાયેલી છે. જેનામાં કળા છે, સર્જનશક્તિ છે, અને વિચારશીલ છે એ આઘાતોને ઓળંગે છે. વિપરીત પરિસ્થિતિમાં એ નવી દિશા ખોળી કાઢે છે અને આગલ ધપે છે.

### અકસ્માતે દિવ્યાંગ બનાવી દીધા

આ વાત તનુલ વિકમશીને એકદમ લાગુ પડે છે, મૂળ કચ્છ અબડાસાના વરાડીયા ગામના વતની નાગપુરમાં સ્થાયી થયા છે. તેઓ ચિત્રકાર, શિલ્પકાર અને ડિઝાઈનર છે. કાષ્ટકળા અને ઈલેક્ટ્રિકલ કામના જાણકાર છે. આ બધી એમની વિશેષતાઓનો સરવાળો કરીએ તો સાર એ નીકળે કે, તેઓ સર્જક છે, કંઈને કંઈ નવું કરવાની મનોવૃત્તિ ધરાવે છે પ્રકૃતિપ્રેમી તનુલ હીરાચંદ વિકમશી. ૨૧ વર્ષના થયા ત્યારે એક અકસ્માત સર્જાયો. તેઓ ઝાડ પરથી નીચે પટકાયા જેના કારણે સ્પાઈનલ કોડ (કરોડરજ્જુનો હિસ્સો) બ્રેક થઈ ગઈ, એનાથી કમરની નીચેના ભાગમાંથી સંવેદનશીલતા જતી રહી, તેઓ રોજિંદગી ક્રિયાઓ પણ સામાન્ય વ્યક્તિની જેમ કરી શકતા નથી. છ ફૂટ ઊંચાઈ ધરાવતા તનુલભાઈ માટે વ્હીલચેર જિંદગીનો

વિડીયો જોવા માટે
અહીં નીચે ક્લીક કરો

CLICK
HERE

# શરીરથી દિવ્યાંગ પણ મનથી સુવાંગ







હિસ્સો બની ગઈ. તેમની ઉંચાઈ ઘટીને સાડા ત્રણ ફૂટની થઈ ગઈ!

**નામને સાર્થક કર્યું**

'તનુલ' શબ્દનો અર્થ થાય છે. 'સૂક્ષ્મથી નિર્માણ'. આ નામને તેમણે સાર્થક કર્યું છે. શરીરથી દિવ્યાંગ બની ગયા પણ મનથી વધુ દૃઢ બન્યા. અકસ્માતની પીડામાંથી પસાર થતા હતા ત્યારે અનેક પ્રશ્નોએ એમને મૂંઝવ્યા. ચિંતા અને ડરથી ઘેરાયા પણ એમણે વિપરીત લાગણીઓને ખંખેરી દીધી. એમણે વિશાળ સ્ટુડિયો 'અલગ એન્ગલ' સ્થાપ્યો જ્યાં અનેક વિદ્યાર્થીઓને શીખવે છે. અને કુશળ ગુરુ તરીકેની નામના એમણે પ્રાપ્ત કરી છે.

**માસ્ટર્સ ઓફ ફાઈન આર્ટ્સ**





# શરીરથી દિવ્યાંગ પણ મનથી સુવાંગ





એમના અભ્યાસ અને કળાયાત્રા પર દૃષ્ટિ કરીએ તો ૧૦મા ધોરણ સુધી નાગપુરમાં ભણ્યા. એક વર્ષ ખામગાંવમાં શિક્ષણ મેળવ્યું. ૧૯૯૧માં જે.જે.સ્કૂલ ઓફ આર્ટ્સમાં જોડાયા. ત્યારે વિરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહમાં રહ્યા. ૯૫માં અકસ્માત થયો એ પછી ખામગાંવ ગયા અને ત્યાં ત્રણ વર્ષ શિલ્પકળાનું શિક્ષણ લીધું. ૨૦૦૧માં જે.જે.સ્કૂલ ઓફ આર્ટ્સમાં પરીક્ષા આપી ત્યારે વ્હીલચેરમાં બેસીને શિલ્પકળાનું શિક્ષણ મેળવનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હતા. એ પછી નાગપુરમાં પેઈન્ટિંગમાં માસ્ટર ઓફ ફાઈન આર્ટ્સ (એમએફએ) કર્યું.

### ચિત્રકળા સ્પર્ધાના પરિણામે જીવનને નવી દિશા આપી

તનુલ વિકમશી હાઈસ્કૂલમાં હતા ત્યારે જાપાનની કલા સંસ્થા યોજિત ચિત્રકળા સ્પર્ધામાં પ્રથમ વિજેતા થયા હતા. બસ, આ ઘટનાએ એમના વિચારોને વળાંક આપી દીધો, એ તો સૈન્યમાં જોડાવા માગતા હતા પણ પછી કળા પ્રત્યેના લગાવના લીધે લલિતકળા તરફ વળ્યા અને માસ્ટર્સ ડિગ્રી મેળવી.

### ફાઈન આર્ટ સ્કૂલના ડીન

માસ્ટર્સ ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી ત્રણ વર્ષ માટે કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન સેન્ટ્રલ ઈન્ડિયા સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સના ડીન તરીકે રહ્યા એ પછી ૨૦૦૫માં ભાઈ લલિત અને ભાભી મિલી સાથે મળીને 'અલગ એન્ગલ' સ્ટુડિયોની સ્થાપના કરી. 'અલગ એન્ગલ' એ ખુલ્લો મંચ છે. જ્યાં યુવા કલાકારો, કળામાં રસ ધરાવનારાઓ કલા





# શરીરથી દિવ્યાંગ પણ મનથી સુવાંગ





સર્જનની તાલીમ લે છે. અહીં તેમને ચિત્રકલા, શિલ્પકલા તથા અન્ય કલાક્ષેત્રની તાલીમ અપાય છે.

**ક્યારેય હતાશ થયા નહીં**

અકસ્માત થયા પછી વિકલાંગતા આવી તેથી ક્યારેય હતાશા થઈ નથી એ તનુલભાઈની ખરેખર વિશેષતા છે. એમણે કહ્યું, 'અમે રોજ નવું સર્જીએ. ક્રિએટિવ રહીએ. કલારસિકોને પ્રોત્સાહિત કરીં. સતત વ્યસ્ત રહું અને નવું સર્જન કરું એટલે દિમાગમાં હતાશાનો વિચાર આવતો નથી. વધારામાં મારા વડીલો'પરિવારજનોએ મને બિચારો થવા ન દીધો. વ્હીલચૅરની જિંદગીમાં મારે મારી નવી પગદંડી કરવાની હતી. જે કરી અને હવે તેને રાજમાર્ગમાં ફેરવું છું.

**શોખને અર્થ ઉપાર્જનના સાધનમાં ફેરવ્યું**

મારી ઊંચાઈ છ ફૂટ હતી જે વ્હીલચૅરમાં બેઠા પછી ઘટીને સાડા ત્રણ ફૂટ થઈ ગઈ. તેથી એક ફેરફાર મારામાં થયો. છ ફૂટની ઊંચાઈએથી વિઝન જોતો હતો જે સાડા ત્રણ ફૂટથી જોવાનું થયું. વિઝન ચેન્જ થઈ ગયું. તેથી શું? મારે તો આગળ જ નીકળવાનું હતું. હું ક્યારેય બંધાઈ રહ્યો નહિ. હું કળાને માત્ર શોખ નહિ અર્થ ઉપાર્જનનું સાધન બનાવી શક્યો. મારા પેઈન્ટિંગ, શિલ્પકૃતિઓ વેચાય છે. મારી કળાકૃતિઓના એક્ઝિબિશન થાય છે. જહાંગીર આર્ટ ગેલેરી, મોડર્ન ગેલેરી અને ઈન્ડિયન એમ્બેસી તરફથી એક્ઝિબિશન યોજાયાં છે.




**સાર્વજનિક સ્થળનું પણ સુશોભન કર્યું**

ઓરેન્જ સીટી નાગપુરમાં હમણાં એક નવો ફ્લાયઓવર બનાવાયો છે. જેની નીચેની સ્પેસમાં બ્યુટીફિકેશનનું કામ કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીના માર્ગદર્શનમાં કલાકારોની એક કોર ટીમએ કર્યું છે. જેમાં તનુલ હીરાચંદ વિકમશી પણ આ ટીમનો હિસ્સો હતો. આ સમગ્ર કલાવંત ટીમનું ઉચિત સન્માન કરાયું અને સૌએ બહોળે મોઢે પ્રશંસા કરી હતી.

**અન્યોને પ્રેરણારૂપ**

અરે, હતાશ થવાની ક્યાં વાત છે? એ તો અન્યોને હિંમત આપે છે. એમનામાં જુસ્સો જગાડે છે. એક સુંદર દૃષ્ટાંત આપ્યું. ભગવાન રામ અને લક્ષ્મણ લંકા પર આક્રમણ કરવા સમુદ્રમાં પુલ બાંધતા હતા ત્યારે એક ખિસકોલી મોઢામાં કાંકરી ઉપાડીને પુલના નિર્માણ સ્થળે નાખતી હતી. એની ક્ષમતા હતી એટલો પ્રયાસ એ પણ કરતી હતી એ જોઈને રામે તેને આશીર્વાદ આપ્યા. હું શીખવા આવતા વિદ્યાર્થીઓને કહું છું કે, તમે હનુમાન છો. તમારામાં ઘણી શક્તિ છે, તે બહાર લાવો. સારા માનવી બનો સર્જનાત્મક રહો. નવું કરો, સફળતા આપોઆપ મળશે.

# મસ્જિદ બંદર અનંતનાથ જિનાલયમાં અમી ઝરણાં

મસ્જિદ બંદર અનંતનાથ જિનાલયમાં શ્રી અનંતનાથ દાદાના નયનમાંથી અમી ઝરણાં વહ્યાં

તા.૧૪ જૂન સોમવારના દિને મસ્દિજ બંદર સ્થિત શ્રી અનંતનાથ જિનાલય મધે પ.પૂ.સાધ્વીજી તીર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ભાવીતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાન ગુણાશ્રીજી મ.સા. આદી થાણા-ઉની પાવનકારી નિશ્રામાં પ.પૂ.સા. શ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.ની ૫૬મી આયંબિલ ઓળીના પારણા તથા આદિ અનંત વિહાર ગ્રુપ મસ્જિદ બંદરના ૧૪/૧૪ વિહાર થયા તે નિમિતે વર્ધમાન સક્રસ્તવ અભિષેક રાખેલ. તે પ્રસંગે શ્રી અનંતનાથ દાદાના નયનમાંથી અમી ઝરણાં થયા હતા. જેના દર્શન કરી ભાવિકજનો અભિભૂત થઈ ગયા હતા અને દાદાનો જય જયકાર ગુંજ કર્યો હતો.







# બાડમેર પાસે રામજી કા ગોલ નેશનલ હાઈવે પરના શ્રીઆર્ય ગુણ ગુરૂકૃપા જૈન તીર્થનો ભવ્યાતી ભવ્ય મહિમા





રાજસ્થાન પ્રદેશના બાડમેર નગરના ધોરીમન્ના પાસેના રામજી કા ગોળ નેશનલ હાઈવે નં.૬૮ પર સ્થિત છે શ્રી આર્ય ગુણ ગુરૂકૃપા જૈન તીર્થ. જ્યાં મૂળનાયક તીર્થાધિપતિ મેરુતુંગ પાર્શ્વનાથ ભગવાનનો ભવ્યાતિ ભવ્ય મંદિરના સંસ્થાપક રાજસ્થાન દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. છે.

દાદાગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજની નવમ શતાબ્દિ અને દાદાગુરૂ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજની જન્મ શતાબ્દિ સ્મૃતિનો એક માત્ર તીર્થ આજથી ૨૫ વર્ષ પૂર્વે સમર્થ જૈનાચાર્ય, શાસન સમ્રાટ રાષ્ટ્રસંત, કલિકાલ કલ્પતરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.એ વિક્રમ સંવત ૨૦૪૪ મહાસુદ ૮ને દિવસે તપ સાધના સભર હૃદયથી રામજી કા ગોલની પાવન ભૂમિ પર સંકલ્પ લીધા હતા. જેમાં પ્રથમ પોતાના વિનીત શિષ્ય પૂ.ઉપાધ્યાય શ્રી કલાપ્રભસાગરજી ગણિવર્યને આચાર્ય પદ પ્રદાનની ઘોષણા.

બીજું આ સ્થાનથી કેટલાય નગર ગામોથી દૂરદૂરના તીર્થ સ્થળોના વિરાટ મહામાર્ગ હાઈવે ચાર રસ્તા હોવાથી સાધુ સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્છ તથા વિહારધામ અને જૈન શ્રાવક શ્રાવિકોની તપસ્યા તેમજ અભક્ષ્ય રાત્રિભોજનથી બચાવવાના હેતુસર જૈન નિયમનાસુર સાધર્મિક વાત્સલ્ય તેમજ રાત્રિ વિશ્રામ સ્થાનની સુવિધા.

વિ.સં.૨૦૬૧ એવમં વિક્રમ સંવત ૨૦૬૭ના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સાધના ભવનમાં ગુરૂ ગુણ કૃપા પાત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા માર્ગદર્શનમાં આ તીર્થ એવમ ટ્રસ્ટ મંડળની રૂપરેખા બનાવી કાર્યાન્વિત કરાયું. વિ.સં.૨૦૭૩ સન ૨૦૧૭માં આ તીર્થમાં એકાદશાહિકા મહોત્સવથી ભવ્યાતિભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા પ્રેરિત રાજસ્થાનના બાડમેર જિલ્લા અંતર્ગત રામજી કા ગોલ સ્થિત શ્રી આર્ય ગુ ગુરૂકૃપા જૈન તીર્થની યાત્રા અવશ્ય કરો. ભારત વર્ષના ૧૨ રાશિયુક્ત પ્રગટ પ્રભાવી શ્રી મેરુતુંગ પાર્શ્વનાથ ૨૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન દાદાગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા, દાદાગુરૂ મેરૂતુંગ સૂરિજી મહારાજા, દાદાગુરૂ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજના ગુરૂમંદિર, રિખવ ઉપાશ્રય નાકોડા ભવન, અતિથિ ભવન, મણિચન્દ્ર ભોજનશાળા ઈત્યાદિની સુંદર અને ઉત્તમ વ્યવસ્થા જોવા અને માણવા ચાલો રે ભક્તજન ચાલો રે રામજી કી ગોલમાં.

ભાવ ભક્તિથી ઓતપ્રોત ભક્તની ભાવ પ્રવણ ભાવના દરેક ભક્ત જે ગુરૂની પ્રતિ સમર્પિત શ્રધ્ધા ભાવ રાખે છે.

ગુરૂધામ પર આવવાથી આપણા દરે કામને આશીર્વાદ મળે છે. અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના દર્શન કરવાથી દરેક કાર્ય આસાનીથી સંપન્ન થાય છે. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં થતાં દરેક કાર્યક્રમના વીડિયો ઘર બેઠાં મોબાઈલ જોવા માણવા માટે યુટ્યૂબ ચેનલ https://www.youtube.com/channel/UCTNolPhIRZECMEcG88aGLPA સેવ કરી લેવી. આ ચેનલના બધા વીડિયો જરૂર જુઓ. વધુ વિગત માટે સંપર્ક રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦.

# ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના પરિસરમાં વસતા જ્ઞાતિજનો જોગ નિવેદન

શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિ:શુલ્ક કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાનનું શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી હાર્દિક સ્વાગત કરે છે અને ભરી ભૂરી અનુમોદના વ્યક્ત કરે છે. ટ્રસ્ટના સંદેશોમાં કહેવા પ્રમાણે જો ડોંબિવલીમાં ૫૦૦ કે તેથી વધુ અરજી-નામ આવશે તો શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા ડોંબિવલી મુકામે ખાસ સેન્ટર ઊભું કરી વેક્સિનેશનનું ખાસ આયોજન કરવામાં આવશે. જેથી થાણા જવાની જરૂર ન પડે.

ડોંબિવલી કલ્યાણ, વિઠ્ઠલવાડી, અંબરનાથ, બદલાપુર વિસ્તારમાં વસતા જ્ઞાતિજનોને મંડળ દ્વારા નમ્ર વિનંતી છે કે જો તમારા પરિવારમાં કોઈનું પણ વેક્સિનેશન બાકી હોય તો તુરંત જ નીચે આપેલ લિંક ઉપર નામ નોંધાવશો.

રજીસ્ટ્રેશન માટેની લિંક https://forms.gle/ErsqVokid2Sz119o8

---

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ આયોજિત ઘરે બેઠાં ઓપન બુક એક્ઝામનું આયોજન



શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા આશીષથી શાસન પ્રભાવક સળંગ ૨૦મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રશમ રસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સમસ્ત અચલગચ્છીય શ્રમણ શ્રમણીવૃંદની શુભાશિષ બળથી પ.પૂ.સાધ્વીશ્રી ડૉ. નિર્મિત ગુણાશ્રીજી મ.સા. Ph.D. દ્વારા લખાયેલ શોધ નિંબધના આધારે પ્રકાશિત થયેલ પુસ્તક 'પ્રભુ દુર્લભ નથી. પ્રેમને સુલભ બનાવી દો' વિષે Open Book Exam ઘર બેઠાં પરીક્ષાનું આયોજન ચતુર્વિધ સંઘ માટે કરવામાં આવેલ છે.

શ્રીમદ દેવચંદ્ર ચોવિસીમાં છે જૈન સિધ્ધાંતોનો ભરપૂર ખજાનો.

Open Book Exam માં જોડાઈ એ ને સ્વાદ માણીએ મજાનો એ ઉક્તિને યર્થાથ ઠરાવવા આ આયોજનમાં જરૂર હિસ્સો થવું જોઈએ. શ્રીમદ્ દેવચંદ્ર ચોવિસી એટલે દ્રવ્યાનું યોગ+જૈન સિધ્ધાંત+પ્રભુના અનંત ગુણો આદિ જૈનેઝિમના ગુઢ રહસ્યો સાથે પ્રભુ ભક્તિનો સમન્વય કરનારા પૂજ્યશ્રીની અદ્‌ભૂત કૃતિ 'અધ્યાત્મ જગતમાં માણવા મોજને સ્વ સ્વરૂપની કરવા ખોજ' માટે સૌએ આ પુસ્તક અચૂક વસાવવા વાંચવા તથા અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

ઘેર બેઠાં ઓપન બુક એક્ઝામમાં ભાગ લેનાર પરીક્ષાઓના વિદ્યાર્થીઓ માટે પ્રથમ રોકડ ઈનામ રૂ.૨૧,૦૦૦, દ્વિતીય ઈનામ ૧૫,૦૦૦, તૃતીય ઈનામ રૂ.૧૦,૦૦૦, ચતુર્થ ઈનામ રૂ.૭૫૦૦ તથા પંચમ પુરસ્કાર રૂ.૫૦૦૦ સાથો સાથ બમ્બર પ્રાઈઝ ૯૦થી વધુ અને આશ્વાસન ઈનામ ૩૫ જણથી વધુ માટે બોનસ ઓફર. પરીક્ષામાં ભાગ લેનાર પરીક્ષાર્થીઓને રૂ.૫૦૦૦ કિંમતનું આ પુસ્તક પેપર સહિત રૂ.૨૫૦માં મળશે.

પુસ્તક પ્રકાશનમાં સહયોગ આપી લાભ લેનાર પરિવારોમાં સુર્વણ સ્તંભ દાતા સ્વ.સરોજબેન મહેન્દ્રભાઈ શિકાગો, યુએસએ તથા રજત સ્તંભ દાતા શ્રી હિંદમાતા કચ્છી જૈન સંઘ મુંબઈ, શ્રી અચલગચ્છ જૈન સંઘ પૂના, શ્રી ક.વી.ઓ.જૈન સંઘ અંબરનાથ, શ્રેષ્ઠીવર્ય મુલચંદભાઈ ટોકરશી ગાલા ફરાદી, શ્રીમતી હસ્મિતા લક્ષ્મીચંદ ગોગરી ડોણ. પુસ્તક મેળવવા માટે રૂ.૨૫૦ અનુકુળતા પ્રમાણે Paytm અથવા Gpay કરવા માટેના વ્યક્તિ અને નંબર. Gpay દ્વારા પરમ મનોજ ગાલા-૯૮૨૧૮૪૭૯૦૧ Paytm valet દ્વારા ભક્તિ અલ્પેશ ધરોડ-૯૮૧૯૩૦૩૪૦૮ તથા તેજસભાઈ સાવલા-૮૮૦૬૪૬૪૬૬૬ ઉપર વોટસએપ કરવા વિનંતી. પુસ્તક આપને આપના શ્રી સંઘમાં અથવા કુરીયર દ્વારા પહોંચાડવામાં આવશે.

ખાસ નોંધ ઉત્તર પત્ર Answer Paper રવિવાર, તા.૯-૧-૨૦૨૨ સુધી પ્રશ્ન પેપરમાં આવેલ સરનામે પહોંચાડવા.

# ભાંડુપ સંઘમાં ૧૦૮ એકાસણા પૂરા કરનાર પરિસરના તપસ્વી બાળકોનું બહુમાન કરાયું





પ.પૂ. મુનિરાજ દેવરત્નસાગર મ.સાની પુણ્યતિથિ નિમિત્તે ગુણ સિંધુ પરિવાર દ્વારા આયોજિત ૧૦૮ એકાસણા પૂરા કરનાર કાંજુરમાર્ગ, ભાંડુપ, થાણા તથા મુલુંડ પરિસરના તપસ્વી બાળકોનું બહુમાન શ્રી ભાંડુપ અચલગચ્છ જૈન સંઘ અને પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં કરાયું.













# સંજીવની કેસ નં.૪૪ માટે રૂા.૪.૪૦ લાખ મદદ માટે આહ્વાન

તેરા-મસ્જિદ બંદરના ૪૪ વર્ષીય હર્ષલ મોમાયા સર કિકાભાઈ પ્રેમચંદ હોસ્પિટલ સાયનમાં વાલ્વ રિપ્લેસમેન્ટ સાથે તાત્કાલિક હાર્ટ સર્જરી માટે એડમિટ થયાં છે. સામાન્ય આવક ધરાવતા હાલે તેઓ છ માસથી બે રોજગાર છે. વૃધ્ધ માતા અને પોતાના પરિવાર તેમના આધારિત છે. જે કંઈ પણ બચત હતી એ છેલ્લા મહિનાઓમાં ખર્ચાઈ ગઈ છે.

આવી કપરી પરિસ્થિતિમાં આવી ગયેલ જ્ઞાતિ બંધુને વહારે આપણે સૌ આવીએ એ સમયનો તકાજો છે. મેડિકલ સમિતિ ઉદારદાતાઓ હરહમેંશ પ્રમાણે આ કેસની રકમ વહેલી તકે પૂરી કરશે એવી આશા રાખે છે અને હર્ષલ મોમાયા સ્વસ્થતા પામી સકુશળ થઈ ઘરે પરત જાય એવી કામના કરે છે.



# શ્રી કચ્છી સર્વોદય નગર અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુરના નૂતન જિનાલય પ્રતિષ્ઠા-અનુષ્ઠાનના ચડાવા

સંઘ દ્વારા હર્ષ સાથે જણાવાયું છે કે કચ્છી સર્વોદય નગર અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુર દ્વારા નૂતન નિર્માણ થયેલ સંગેમરમર જિનાલય તૈયાર થઈ ગયું છે. તા.૨૧ જૂન સોમવાર રોજે ત્રણ લોકના નાથ એવા મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન, તોરણીયા શ્રી પાર્શ્વનાથ ભગવાન, તોરણીયાશ્રી સીમંધર સ્વામી ભગવાનની અનુષ્ઠાન સાથે પ્રતિષ્ઠા થઈ ગાદી પર બિરાજમાન થશે. આ કાર્યક્રમ માટે ચડાવા રૂપિયામાં બોલવામાં આવશે.

તેની વિગત અને પ્રથમ બોલી નીચે મુજબ છે. જેને ચડાવાની બોલી આગળ વધારવાની હોય તો ચડાવાનું નામ અને રકમ વોટસઍપ ઉપર ચીમનભાઈ-૯૩૨૪૪૦૩૧૪૧, હિતેન્દ્રભાઈ-૯૬૯૯૯૫૫૨૨ ઉપર મોકલવાની રહેશે. ચડાવાના આદેશ તા.૨૦ જૂનના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં આપવામાં આવશે.

ચડાવાની યાદી નીચે મુજબ છે.

૧) મુનિસુવ્રત ભગવાનના પોખણા રૂા.૨૧૦૦૦ ૨) શ્રી મુનિસુવ્રત ભગવાનની પ્રતિષ્ઠા રૂા.૫૧૦૦૦ ૩) શ્રી પાર્શ્વનાથ ભગવાનના પોખણા રૂા.૧૫૦૦૦ ૪) શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા રૂા.૩૧૦૦૦ ૫) શ્રી સીમંધર સ્વામી ભગવાનના પોખણા રૂા.૧૫૦૦૦ ૬) શ્રી સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા રૂા.૩૧૦૦૦.

અનુષ્ઠાન : ૭) સ્નાત્રપૂજા રૂા.૧૧૦૦૦ ૮) કુંભ સ્થાપના રૂા.૧૧૦૦૦ ૯) દિપક સ્થાપના રૂા.૫૦૦૦ ૧૦) નવગ્રહ પાટલા પૂજન રૂા.૧૧૦૦૦ ૧૧) દશ દિક્પાલ પાટલા પૂજન રૂા.૧૧૦૦૦ ૧૨) અષ્ટમંગલ પાટલા પૂજન રૂા.૧૧૦૦૦ ૧૩) ક્ષેત્રપાલ પૂજન રૂા.૫૦૦૦ ૧૪) મુનિસુવ્રત ભગવાન ધ્વજદંડ રૂા.૧૫૦૦૦ ૧૫) શ્રી પાર્શ્વનાથ ભગવાન ધ્વજદંડ રૂા.૧૫૦૦૦ ૧૬) શ્રીસીમંધર સ્વામી ભગવાન ધ્વજદંડ રૂા.૧૫૦૦૦ ૧૭) શ્રી શાંતિ સ્નાત્ર મહા પૂજન (ચડાવા નહીં વહેલા તે પહેલાના ધોરણે) ૧) પહેલી ગાથા રૂા.૨૦૦૦ ૨) ૨ થી ૨૬ ગાથા ૨૬ જણા દરેકને રૂા.૫૦૦ ૩) ૨૭મી ગાથા રૂા.૩૦૦૦ ૧૮) જવારા રોપણ (વહેલો તે પહેલોના ધોરણે કુમારીકા માટે) ૬ જણા માટે દરેકને રૂા.૫૦૦-૫૦૦ ૧૯) ૧૦૮ દિવડાની આરતી રૂા.૫૧૦૦ ૨૦) મંગળ દીવો રૂા.૨૧૦૦ ૨૧) શાંતિ કળશ રૂા.૧૧૦૦૦ ૨૨) ઘંટનાદ રૂા.૧૧૦૦૦ ૨૩) ભંડારો રૂા.૨૧૦૦૦ ૨૪) નવકારશી રૂા.૫૧૦૦૦ ફિક્સ નકરો ૨૫) સ્વામી વાત્સલ્ય બપોરનું જમણ રૂા.૧૦૮૦૦૦ ફિક્સ નકરો.

ફિક્સ નકરાના એકથી વધારે નામ આવશે તો ડ્રો કાઢવામાં આવશે. આ સૂચના શ્રી કચ્છની સર્વોદય નગર અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુરના પ્રમુખ ચીમનભાઈ ગડા દ્વારા અપાઈ છે.

---

# ખામગામ નગરે સંયમ સુવર્ણ ચાતુર્માસે ધર્મ આરાધનાનો અવસર

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ ખામગામ આંગણે સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા આશીષ નિશ્રા દાતા દીર્ઘ સંયમી પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ની સુશિષ્યા સંયમ સુવર્ણ ચાતુર્માસના સુકાની પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા. તા.૧૬ જુલાઈ શુક્રવાર સવારે ૯ કલાકે સવા સતક વર્ષ પ્રાચીન પ્રભુ શ્રી આદિનાથ દાદાના દર્શન કરીને દેવજી ખીમજી મંગલ કાર્યાલયમાં પાવન પ્રવેશ કરશે.

આ અલભ્ય પાવન પ્રસંગે સૌ ભાવિક શ્રાવક શ્રાવિકાઓને પધારવાનું આમંત્રણ ખામગામ સંઘ તરફથી અપાયું છે. સાહેબજીના પ્રવેશ પ્રસંગે પધારવાની સૂચના નરેન્દ્ર સંકલેચા-૯૪૨૨૦૧૭૬૨૨, હિરેન લોડાયા-૯૮૨૨૭૦૮૯૯૮ને અગાઉથી આપશો જેથી સંઘ મહેમાન વર્યની ભક્તિ ઉચિત રીતે કરી શકે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# આદિનાથ જિનાલયના ૭૬મા ધ્વજા મહોત્સવમાં નિશ્રા આપવા પધરામણી કરતા અચલગચ્છાધિપતિનું ઉત્સાહભેર સામૈયું કરાયું





તા.૧૯ જૂન શનિવારના દિને ભાંડુપ સંઘના આદિનાથ જિનાલયના ૭૬મા ધ્વજા મહોત્સવ પ્રસંગે પ.પૂ.અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નિશ્રા માટે પધાર્યા. પૂજ્યશ્રીનું સામૈયું ભવ્ય ઉત્સાહના માહોલમાં કરાયું.





# હૈદ્રાબાદના મેયરની જૈન સમાજના પ્રતિનિધિઓએ શુભેચ્છા મુલાકાત લીધી



ગ્રેટર હૈદ્રાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન GHMC ના મેયર સુશ્રીગદ્વાલ વિજયાલક્ષ્મીની શુભેચ્છા મુલાકાત. જૈન સમાજના અગ્રણીઓ તથા લવ ફોર કાઉ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ રાજભવન રોડ સ્થિત દિલકુશા ગેટ હાઉસમાં લીધી.

જૈન સમાજના અગ્રણી વિજય સુરાણા એ મહાવીર હોસ્પિટલમાં કોવિડ કાળ દરમ્યાન અતિ મામુલી દરથી દર્દીઓના ઈલાજ કરીને સેંકડો મધ્યમવર્ગી પરિવારોને રાહત આપી તેની માહિતીથી મેયર સાહેબાને અવગત કર્યા હતા.

લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ચેરમેન જસમત પટેલને કોરોના કાળને લીધે ગૌશાળાના સંચાલનમાં થઈ રહેલી આર્થિક તકલીફ વિષે માહિતી આપી હતી. આ અવસરે મુકેશ જૈન, તરૂણ મહેતા, સવિતા રાય સોની વિગેરે સાથે રહ્યાં હતા એવી માહિતી રિધ્ધિશ જાગીરદાર દ્વારા અખબારી યાદી દ્વારા અપાઈ હતી.

# મારી માતૃભૂમિ ને નમન મનિષ રમેશ મોતા

રાપર ગઢવારીના મુલુંડ નિવાસી રમેશ(કુંવરજી) મોતાના પુત્ર મનીષભાઈ એક અતિ ઉત્સાહી અને મહેનતુ વ્યક્તિ છે તેઓ જ્યાં પણ હોય છે ત્યાં ખંત અને લગનથી કામ કરે છે અને તેમની અરસપરસમાં જે પણ જરૂરતમંદ હોય છે તેમને યથાશક્તિ મદદ કરવાનું ચુકતા નથી. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ પરદેશમાં જ વસે છે અને ત્યાંથી ભારત નિવાસી ભાઈ-બહેનોને મદદરૂપ થાય છે.




મનિષભાઈ અમેરિકા ગયાના પહેલા જ વર્ષે કચ્છી સમાજ સાથે જોડાઈને સેવા કાર્યો કરતા રહ્યાં. મનિષભાઈ એ KOJain (Kutchi Oswal Jain)ના ૧૯૯૬ના સંમેલનમાં ભાગ લીધો અને ત્યાની KOJain સાથે જોડાયા. મનિષભાઈ એ Region-I ના ડિરેક્ટર તરીકે સેવા આપ્યા બાદ આજે ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. KOJain અમેરિકા અને કેનેડામાં રહેતા ૨૦૦૦ જણનો કચ્છી વારસો જાળવી રાખવાનું કાર્ય કરતી સંસ્થા છે.

હાલમાં Covid Pendemic માં મદદ કરવા KOJain એ અભિયાન ચલાવ્યું હતું. KOJain આ અભિયાનથી કચ્છી જૈન ફાઉન્ડેશનને લગભગ ૨ કરોડ રૂા.ની મદદ કરાઈ છે અને KJF તરફથી ચલાવાતી માસિક આર્થિક યોગદાનના પ્રોગ્રામનો જુન મહિનાનો સંપૂર્ણ ફાળો KOJain ના આ ફાળામાંથી વિતરીત કરાયો છે. મનિષભાઈના પ્રયાસથી KOJain ના Support થી KDO જ્ઞાતિની સંસ્થાઓ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ અને ક.દ.ઓ. સર્વોદય મંડળ માટે ૨૫ લાખ જેટલી ધનરાશિ મળેલ છે. માધવી ખોના, નીનાબેન દૌલત, મનોજ ધરમશી, દિનેશ શાહ, હેતલ શાહની ટીમ સાથે KDO સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા આ અભિયાન ચલાવાયું હતું.

મનિષભાઈ લગભગ દર વર્ષે ભારત આવવાનું કરે છે. તેઓ ભારતભરના તિર્થ સ્થાનોની મુલાકાત અચૂક લે છે તેઓ તેમના આધ્યાત્મિક ગુરુ પૂજ્યશ્રી રાકેશભાઈ જવેરી માને છે. અને તેમના આદેશનું અનુકરણ કરે છે.

આ મૂકસેવક સમા મનિષભાઈ પરદેશમાં પણ KDO નો સેવાકાર્ય આગળ વધાવે છે. આપણે મનિષભાઈને ભવિષ્યમાં આવા જ સેવાકાર્ય દ્વારા જ્ઞાતિ સમાજની સેવા નિરંતર કરવાની પ્રભુ શક્તિ આપે એજ અભ્યર્થના.

# સ્નેહાંજલિ



જન્મ
૧૪-૬-૧૯૫૫

અરિહંત શરણ
૧૭-૬-૨૦૧૭

## સ્વ.ચંદ્રસેન હિરાચંદ મોમાયા

**(ગામ : વરાડીયા - હાલે ઘાટકોપર)**

*તમે તો મુક્તપણે વિચરતા ગગનમાં*
*ને હૈયુ હોય સદાયે સતત કાળની લગનમાં*
*શબ્દો વહ્યા કલમથી, વાચા ફુટે એ તો હૃદયમાં*
*જૂઓ, સાદગી ધારી બિરાજ્યા અમારા આ મનમાં*

**-: શ્રદ્ધાસુમન :-**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ મહાજન ટ્રસ્ટી ગણ

# ભાંડુપ આદિનાથ જિનાલય ખાતે ૧૮ અભિષેક સંપન્ન





આદિનાથ જિનાલયના ૭૬મા ધ્વજા મહોત્સવ નિમિત્તે ૧૮ અભિષેકનું આયોજન પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં સંપન્ન થયું હતું. આ ૧૮ અભિષેક મહોત્સવમાં ૧૪ સાધુ ભગવંત અને ૧૫ સાધ્વીજીઓએ પણ હાજરી આપી ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

આ ૧૮ અભિષેકનું આયોજનનું યુટ્યુબ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું જેને ૧૨૦૦થી વધુ શ્રાવકોએ નીહાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાંડુપના શ્રાવક-શ્રાવિકાઓએ વિશેષ જહેમત લીધી હતી.











# સ્નેહયુક્ત શ્રદ્ધાંજલિ



## સ્વ. મનીષ નવીનચંદ્ર મોતા

(આગમન: ૧૫.૧૧.૧૯૮૭ - વિદાય: ૧૫.૬.૨૦૨૧)

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ।।**

**( પ્રસન્ન મુખ, કરુણાસભર હૃદય, અમૃતભરી વાણી અને**
**પ્રત્યેક કર્મ સદૈવ પરોપકારને માટે. આવી વ્યક્તિ સૌને માટે વંદનીય હોય છે. )**

વાત્સલ્ય, વિનમ્રતા, પુરુષાર્થ, પરોપકાર, સંયમ અને સરળતા જેવા
ઉચ્ચ જીવનમૂલ્યો જેના જીવનમાં વણાઇ ગયેલા
એવો અમારો ભાઇ પરમ મિત્ર મનીષની જિંદગી અમને સદૈવ પ્રેરણા આપતી રહેશે.
તેના સ્નેહની જ્યોત અમારાં હૈયાને હંમેશ અજવાળતી રહેશે.
તારા સ્મિત અને સ્મૃતિઓ થકી તુ અમારા સૌના હૃદયમાં સદાય જીવંત રહીશ.

|| શ્રી મહાવીરાય નમઃ ||

**શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ, અમદાવાદ.**

# રંગપુર નગરે ધ્વજા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ



શ્રી રંગપુર કચ્છી દશા ઓસવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયનો ૩૨મો ધ્વજારોહણ મહોત્સવ વૈશાખ સુદ ૧૧ના દિને હર્ષોલ્લાસથી વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈને સંપન્ન થયો.

તા.૨૧મે શુક્રવારના સવારના અઢાર અભિષેકથી શુભારંભ થયેલ. વિધિ વિધાન રંગપુર સંઘના ભૂતપૂર્વ ટ્રસ્ટી સુશ્રાવક શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા એ ખૂબ સરસ વિધિ વિધાન સાથે કરાવેલ. સંગીતકાર તરીકે વિક્રમભાઈ મહેતા પધારી કાર્યક્રમની રંગતને અનેરો ઓપ આપ્યો હતો.

તા.૨૨મે શનિવારના દિને સવારના સતર ભેદી પૂજા ભણાવવામાં આવી સાથે ધ્વજારોહણનો કાર્યક્રમ હર્ષોલ્લાસથી ઉજવાયો. મુખ્ય ધ્વજા અને સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી નિર્મલાબેન જેઠાલાલ લાલજી ધરમશી રંગપુર મુલુંડ પરિવાર લીધો હતો.

મુંબઈ ઉપરાંત આજુબાજુના ગામોથી સવાસો જેટલા જ્ઞાતિજનો ખૂબ ઉમંગભેર પધાર્યા હતા. આમંત્રણને માન આપી શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર સંઘના ટ્રસ્ટી શ્રી મયૂર મોતીલાલ લોડાયા પધાર્યા હતા અને સંઘ શોભા વધારી હતી. શ્રી રંગપુર સંઘના પ્રમુખ પંકજ કેશવજી ધરમશી દ્વારા સર્વેનું સ્વાગત અભિવાદન કરવામાં આવેલ.

અષ્ટપ્રકારી પૂજાના બારમાસના લાભાર્થી રૂા.૧૧ હજાર પૂજા દીઠ જાહેરતા કરાતા જ દાતાશ્રીઓ ઉમંગથી નામ નોંધાવી લાભ લીધેલ. સર્વે ટ્રસ્ટીગણ, કારોબારી સમિતિ, સલાહકાર સમિતિ, લાભાર્થી પરિવાર અને જ્ઞાતિજનોની હાજરીથી સંપૂર્ણ કાર્યક્રમ કોરોના કાળના લોકડાઉનના નિયમોને ધ્યાનમાં રાખી હર્ષોલ્લાસથી ઉજવાયો હતો.

હાલે ટ્રસ્ટ બોર્ડ કમિટીના ટ્રસ્ટીઓ તેમજ પદાધિકારીઓ નીચે મુજબ નામાવલી પ્રમાણે છે. પ્રમુખ શ્રી પંકજ કેશવજી ધરમશી, ઉપપ્રમુખ શ્રી બિપિન પાશ્વીર નાગડા, માનદમંત્રી શ્રી જતિન ગુલાબચંદ નાગડા, ખજાનચી શ્રી કિરીટ પુનશી મુનવર, ટ્રસ્ટીશ્રી કાંતિલાલ માણેકજી નાગડા, ટ્રસ્ટી શ્રી દીપક શાંતિલાલ લાપસીયા, ટ્રસ્ટી શ્રી હેમાંગ અશોક લાલકા, સ્થાનિક ટ્રસ્ટી શ્રી લહેરચંદ ચંપકલાલ ધરમશી, ટ્રસ્ટી વિનોદ શિવજી ધરમશી, ટ્રસ્ટી શ્રી શશાંક કિશોર ખોના.







# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● રાજ્ય પર ત્રાટકેલા તૌકતે વાવાઝોડાથી ૧૯૦ ગામોમાં વીજ ચાલી ગઈ હતી. ખેતીવાડીના ૩૬૬ ફીડરને ક્ષતિગ્રસ્ત થયા હતા અને ૧૪૧ વીજ થાંભલાઓ ધરાશયી થયા હતા.

● વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવેલા મૂલ્યવાન મશરૂમ જેને હિમાલયનું સોનું કહેવાય છે. એને લીધે ઘાતક રોગ કહેવાતા કેસિટથી માંડીને કિડની, ફેકસા, પ્રોસ્ટેટ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર સહિતની વિવિધ બીમારીઓનો અકસીર ઈલાજ બની શકશે. 'કોડી સેપ્સ' પ્રકારના મશરૂમ ફેક્સાના સ્વાસ્થ્ય માટે સુરક્ષા કવચ બની શકે તેમ છે. જિલ્લામાં મશરૂમ વિકસાવવાની કવાયત છેલ્લાં પાંચ વર્ષથી ગાઈડના નિર્દેશક ડૉ. વિજયકુમારના નેતૃત્વ હેઠળ ચાલી રહી હતી. આ સંશોધન માટે ગાઈડ સંસ્થા અમદાવાદ સ્થિત નિરમા યુનિવર્સિટી સાથે સંકલન સાધ્યું છે.

● અબડાસા પંથકના આઠથી દસ ગામોમાં ત્રણ માસ પૂર્વે ૨૦૦૦ એકર પિયત જમીનમાં ૨૦૦ ખેડૂતોએ સૂરજ મુખીનું વાવેતર કર્યું હતું. જેનો હવે મબલક પાક એકર દીઠ ૨૦ થી ૨૫ મણ ઉતરી રહ્યો છે. ચાલુ વર્ષે પ્રથમ વખત પરજાઉ, વાડાપધ્ધર, ભાનાડા, ખીરસરા, વરાડિયા, કોઠારા, વાંકુ, હાજાપર વિગેરે ગામોના કૃષિકારોએ વાવેતર કર્યું હતું. ગયા વર્ષે ૪૦ કિ.ગ્રા.ના ભાવ રૂા.૧૨૦૦ હતો. વર્તમાન સમયે પ્રતિ ૪૦ કિલોના ૧૯૫૦નો ભાવ ખેડૂતોને મળે છે.

● ભુજમાં મુસ્લિમ હાઈસ્કુલમાં કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલ સંચાલિત મેડિકલ ફ્રી કેમ્પ અને કોવિડ સેન્ટર ખૂલ્લું મુકાયું હતું. કોરોનાના વિકટકાળ દરમ્યાન ઓપીડી સવારથી સાંજ સુધી સેવા આપશે. ભુજમાં કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલનો પ્રોજેક્ટ ૨૫ કરોડના ખર્ચે ઉભારાશે. જે માટે સખી દાતાઓ દાનનો ધોધ વહાવ્યો છે.

● ગાંધીધામ તાલુકાના ગળપાદર પાસે આવેલી શ્રી ગૌરક્ષક સેવા સમિતિ–ગૌશાળાના સંચાલકોએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પત્ર લખીને હાલની લાંબા સમયથી કોરોનાના સંક્રમણની ગંભીર સ્થિતિમાં પશુઓને મદદરૂપ થવા પશુ દીઠ રૂા.૫૦ લેખે સબસિડી જાહેર કરવા અપીલ કરી છે. કોરોના મહામારીને જે રીતે ભરડો લઈ ધંધા રોજગારને હાનિ પહોંચાડી છે. તેને લીધે દિલથી દાન આપતો વર્ગ મુશ્કેલીમાં મૂકાયો છે. જેની અસર ગૌશાળાના ફંડ પર થયો છે. તે ઉપરાંત ચારા અને કેટલ ફીડના ભાવોએ સંચાલકો માટે ગંભીર સવાલ ખડો કર્યો છે. પશુધન ઉર્જા અને આર્થિક સ્ત્રોતનું ઉદ્‌ગમ સ્થાન છે. તેમના પ્રત્યે સંવેદનશીલ થઈ સરકાર જીવ દીઠ રૂા.૫૦ સબસિડી મંજૂર કરે એવી વિનંતી કરાઈ છે.

● તૌકતે વાવાઝોડાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સોથ વાળતાં કેસર કેરીના પાકને અતિ નુકસાન પહોંચ્યું છે. ત્યારે કચ્છમાં વાવાઝોડાની અમુક અંશે નુકસાની છતાં ૬૦થી ૭૦ ટકા કેસર કેરીનો ફાલ ઉતરવાનો આશાવાદ છે. કચ્છી કિસાનો ફાલ ઉતારવાની તૈયારીમાં છે. ૧૦ દિવસ બાદ દેશ દુનિયામાં પંકાયેલી કચ્છની કેસર કેરી ઘરેલું બજારમાં આવશે. ૧૦ હજાર હેક્ટરના ભૂભાગ પર કેસર કેરીનું વાવેતર થયું છે અને ૫૫ હજાર જેટલો ફાલ ઉતરવાનો અંદાજ છે.

● માંડવી તાલુકાના હરિયાળા બાગની ઉપમા પામેલ ગઢશીશામાં ૨૦ ટકા જેટલી કેસર કેરી જમીન ધ્વંસ થઈ ગઈ છે. તેવામાં કેસર કેરીનો હબ ગણાતા આ પંથકમાં ગામના હાજી સુલેમાન મેમણના ફાર્મમાં એક કેરી ૧ કિલો ૨૦૦ ગ્રામ વજનની પાકી છે. જે જોઈને લોકો અધધની લાગણી વ્યક્ત કરે છે.

# ભુજ અચલગચ્છ જૈન સંઘમાં
# શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના દરબારે ચાતુર્માસ પ્રવેશ

કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજ નગરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના દરબારે સૂરિમંત્ર સમારાધક, પ.પૂ. આ.ભ.ગુરૂદેવશ્રી વીરભદ્રસાગરસૂરિજી મ.સા.ના શિષ્ય રત્ન ગુરૂ ગુણોદયકૃપા પાત્ર પ.પૂ.મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૮નું તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાન, ભક્તિમય ચાતુર્માસ પ્રવેશ તા.૧૮ જુલાઈ રવિવાર વિક્રમ સંવત ૨૦૭૭ અષાઢ સુદ ૧૦ના દિને સવારના ૯ કલાકે દાદાવાડીથી સામૈયું કરીને થશે.



ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારનારા અન્ય પૂજ્યો પ.પૂ.મુનિશ્રી કલ્પતરૂસાગરજી મ.સા., પ.પૂ.સુસાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સુસાધ્વીશ્રી હર્ષી કિરણાશ્રીજી મ.સા. આદિ.

ચાતુર્માસે પધારનારા પૂજ્યો પ.પૂ.મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ભાગ્યોસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી ભવ્યોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગચ્છોદયસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી પ્રશમોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગોયમોદયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પદ્મોદયસાગરજી મ.સા. આદિ પ.પૂ.સુસાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા., પ.પૂ.સુસાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા. આદિ ચાતુર્માસ સ્થળ શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, વાણિયાવાડ, મોટા ડેલામાં, ભુજ-કચ્છ.

કચ્છ પ્રદેશના ૪ સતત વર્ષના પ્રાચીનતમ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયના દર્શનનો મહાન લાભ લેવા અને ચાતુર્માસ પ્રસંગે ધર્મ આરાધનાનો તથા તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાન, ભક્તિમયનો લાભ લેવાનું નિમંત્રણ શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘ દ્વારા છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિરાવંતી લુઢીયા**
તા.૧૫ જૂન (ઉ.૭૧)
નાની ખાવડી-કોટન ગ્રીન



**મનીષ મોતા**
તા.૧૫ જૂન (ઉ.૩૪)
લાખણીયા-અમદાવાદ



**લીલાબેન દૌલત**
તા.૧૭ જૂન (ઉ.૬૪)
સેવક ભરૂડીયા-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA